આઝાદી કા
અમૃત
મહોત્સવ

26 જાન્યુઆરી 2022

પ્રજાસત્તાક નિર્મોહી

nirmohimagazine@gmail.com
@nirmohimagazine
નિર્મોહી ઈ મેગેઝિન

VISIT…

નિર્મોહી
એક અવાજ

તંત્રી
અંકિત ચૌધરી "શિવ"

શુભેચ્છક
ભારતી ભંડેરી "અંશુ"

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન

DISIGN BY
NIRMOHI
GRAPHICS

NOTES

✍ તંત્રીની કલમે ✍

આઝાદીના પંચોતેરમા વર્ષે આપણે તોતેરમા પ્રજાસતાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ! ભારતને આઝાદ થયે આજે પંચોતેર વર્ષ થઈ ચૂક્યા છે પણ આજે ભારતીય એજ જગ્યાએ ઊભો હોય એવું મને લાગી રહ્યું છે. કોઈક જીવનની લાગણીઓ વચ્ચે કેદ છે, તો કોઈક જીવનના અમુક સંબંધો વચ્ચે કેદ થયો છે. કોઈક નોકરીની લાલચમાં અન્યનો હક છીનવા માટે મજબૂર બન્યો છે, તો કોઈક પેપર ફોડીને રૂપિયાની જાળમાં લલચાયો છે. શું આજ છે આપણી આઝાદી? મને તો ક્યારેક ક્યારેક પ્રશ્ન થાય છે કે આજનો યુવાન, જે આવતી કાલનું ભવિષ્ય છે, તો એનું શોષણ કેમ? શું યુવાનને પગ નીચે રગદોળીને જ અભણ નેતાઓને રાજ કરવા છે? જેમને હજુ સુધી સરખી રીતે બોલતાં નથી આવડતું એ કહેશે અમે આમ કરીશું, તેમ કરીશું! આ જંજીરને તોડીને એક નવા ભારતનું નિર્માણ કરીશું. પણ મારો પ્રશ્ન એ લોકોને છે કે "શું તમારા રહેતાં આ બધું ખરેખરમાં સંભવ છે?" કદાચ એમની પાસે મારા પ્રશ્નનો જવાબ નહિ હોય ! કેમકે એમની તો આદત બની ચૂકી છે, તમામના શમણાંને આગ લગાવી એની ઉપર ખુદના રોટલા શેકાય એટલે બસ! બાકી બધા ભલે ને ભૂખે મરી જતા ! એમને ક્યાં ફર્ક પડે છે. એક્ટરનો દીકરો એક્ટર, ડૉક્ટરનો દીકરો ડૉક્ટર, નેતાનો દીકરો નેતા ને ખેડૂતનો દીકરો ફકત લાચાર ! આ વાત આજના સમયની કડવી વાસ્તવિકતા છે જે ગરીબના દીકરાને ક્યારેય પણ આગળ નહિ આવવા દે ! મારા કહેવાનું તાત્પર્ય બસ એટલું જ છે કે આઝાદ થયા બાદ પણ આપણે આ ગંદી માનસિકતાથી આઝાદ કેમ નથી થઈ શકતા? શું ખરેખરમાં આપણે પ્રજાસતાક છીએ? કરજો આ પ્રશ્ન ખુદને એક વખત જવાબ શાયદ ના જ મળશે....

nirmohimagazine@gmail.com

"નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશિત થતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે. તેની સાથે તંત્રી કે સંપાદક સહમત છે એવું માનવું નહિ..

પ્રજાસત્તાક નિર્મોહી

પ્રજાસત્તાક બનવું
એ ભારત વાસીઓ માટે
ગર્વની વાત કહેવાય
જેને જીવવા માટે
આઝાદ પંછી કેરો
અમૃત મહોત્સવ ઉજવાય
કેસરી રંગે શાન
તો શ્વેત કેરી શાંતિ
લીલે હરિયાળી
ને વાદળી કેરી એકતાથી
ભારતનો રાષ્ટ્ર ધ્વજ લહેરાય
સરહદ પાર ગયેલો
ભારતીય પણ
હોંશે હોંશે ગાય
વંદે માતરમ્
ઝંડા ઊંચા રહે હમારા
જન ગણ મન અધિનાયક જય હે
શૌર્ય ગીત ગાતાં
આ પ્રજાસતાક પર્વ મહેકાય
નિર્મોહી એક અવાજ સામાયિક સંગે
પ્રજાસત્તાક નિર્મોહી રૂપે ઉજવાય....

અંકિત ચૌધરી "શિવ"

સૈનિક અમારા

જળ,સ્થળ ને નભમાં ચોકી કરે સૈનિક અમારા,
દુશ્મન સામે કરડી આંખે જોતા સૈનિક અમારા.

રાત દિવસ કરતા સરહદોની ચોકી સૈનિક અમારા,
માભોમ ખાતર શહીદીને વહોરતા સૈનિક અમારા.

આખો દેશ જેમના વિશ્વાસે સુવે તે સૈનિક અમારા
ખડે પગે રહી દેશનું રક્ષણ કરતાં સૈનિક અમારા.

ના કેવળ બાહ્ય શત્રુ,આંતરિક શત્રુઓ સામે લડતા,
બળવાખોરો ને આતંકવાદીઓને ઠાર કરે સૈનિક અમારા.

કુદરતી હોનારતમાં બચાવ કાર્યમાં આગળ રહેતા, દેશની
રક્ષા કાજે સદૈવ તત્પર રહે સૈનિક અમારા.

અદમ્ય સાહસ, શૌર્ય ને બલિદાનની જીવતી ગાથા,
ભારતદેશનું ગર્વ છો તમે સૌ, સૈનિક અમારા.

શિસ્ત સંયમ ને બહાદુરીનો જગમાં મળે ના જોટો,
તિરંગા ખાતર તિરંગામાં લપેટાતા સૈનિક અમારા.

આજે દેશવાસીઓ કરે છે સો સો સલામ તમને,
"અંશુ" નું છે મસ્તક ઊંચું તમે છો વીર સૈનિક અમારા.

ભારતી ભંડેરી "અંશુ"

જય જય હિન્દુસ્તાન

રાગ...
આઓ બચ્ચો તુમ્હે દિખાયે...

હું છું ભારત દેશનો વાસી,
ભારત મારી માતા છે.
વેદ અને સંસ્કૃતિ મારા,
દેશ તણી પરિભાષા છે.
જય જય હિન્દુસ્તાન
જય જય હિન્દુસ્તાન...
રામ અહીં વનવાસ વેઠે પણ,
અસુરોનો સંહાર કરે.
ચેનની બંસી બજાવી કાનો,
જ્ઞાન તણી રસ લ્હાણ કરે.
જય જય હિન્દુસ્તાન
જય જય હિન્દુસ્તાન...
ભાતભાતની ભાષા અહીંયા,
ભાતભાતના વેશ છે.
વિવિધતામાં એકતા કરતો,
ભારત મારો દેશ છે...
જય જય હિન્દુસ્તાન
જય જય હિન્દુસ્તાન...
ઋષિઓ વેદની વાણી ઉચ્ચારી,
અજ્ઞાન તિમિરને દૂર કરે.
સંસ્કૃતિ કેરી સરિતા વહાવી,
સારા જગને દીવો ધરે.
જય જય હિન્દુસ્તાન
જય જય હિન્દુસ્તાન...

નારદી પારેખ

વંદન હો પ્યારા દેશને..

આ દેશ મારો ભારત,
પુણ્ય ભૂમિ છે ભારત,
વંદન હો પ્યારા દેશને,
અમર હો મારો ભારત...
આ દેશ મારો...

વિરોની અમર ગાથા,
શહીદોની છે કુરબાની,
જેઓ દેશ માટે લડયા,
રક્ત રેડયું છે યુદ્ધમાં,
આંખોમાં લાવી પાણી,
"શીલા" કહે આ કહાની...
વંદન હો વ્હાલા દેશને,
અમર હો મારો ભારત...

આ દેશ મારો...

બાપુની છે આહિંસા,
સત્યને માન્યું આયુધ,
સરદારનુ છે સ્મારક,
ખેડૂતોની છે આ ગાથા,
લડયા આઝાદી માટે,
સૌની અનોખી નીતિ,
મળ્યા છે એવા મહાત્મા...
વંદન હો ન્યારા દેશને,
અમર હો મારો ભારત...
આ દેશ મારો...

સુભાષની છે વાણી,
કરશે બધાને પાવન,
માંગ્યું છે જમણે રક્ત,
આઝાદી આપીશ તમને,
આ છે વીરની જુબાની,
"શીલા" ભરે સલામી,
એવા દેશના સપૂતને...
વંદન હો મારા દેશને,
અમર હો મારો ભારત...

આ દેશ મારો.....

ઝાંસીની બાઈ લક્ષ્મી,
તલવાર લઈ દોડયા,
વીરાંગના છે દેશના,
સ્ત્રી શક્તિની કહાની,
પાછળ બાંધીને બાળક,
જેઓ યુદ્ધમાં ઉતર્યા,
વંદન હો આર્ય નારી,
તમને કોટી કોટી વંદન...
વંદન હો મહાન દેશને,
અમર હો મારો ભારત...

આ દેશ મારો...

ભારત માતાની રક્ષા,
આપણી છે આ ફરજ,
એકતાના બીજ વાવી,
લાવીએ દેશમાં શાંતિ,
રાષ્ટ્રની કરીએ ઉન્નતિ,
થાય આપણી પ્રગતિ...
વંદન હો પ્યારા દેશને,
અમર હો મારો ભારત...

આ દેશ મારો.....

ચૌધરી શીલાબેન

લડવૈયા શૂરા

લડવૈયાઓ દોડજોને શત્રુ પકડી પાડજો,
લડવૈયાઓ સરહદને સાચવી રાખજો.

શંખનો શૌર્યનાદ,મુખે લલકારો રાષ્ટ્રોચ્ચાર,
માતૃભૂમિની રક્ષા કાજે પ્રણોચ્ચાર.

તારાં તેજસ્વી કપાળને ગર્વ સભર રાખજો,
તારાં નયનોને જોતાં જ દુશ્મનને ભગાડજો.

રણશિંગા , દુદુંભિ હુંકારી અરિદળ પર ત્રાટકજે,
તારી ચોક્કસ દિશા નક્કી નિશાનને છોડજે.

હોય વિમાન કે ભૂમિદળ હંમેશા તત્પર રહેજો,
દેશનું સુકાન તમારા હાથમાં, દેશની શાન તમે વધારજો.

ભારત દેશની ભવ્ય ગાથા છે સંગ્રામમાં,
લાલ, બાલ, પાલ મંગલ કીર્તિ ગાનમાં.

લડવૈયા હરહંમેશ પ્રેરણા આપનાર છે,
કેસરિયા ખમીરે યુદ્ધ લડનાર છે.

વીર સ્વરૂપે અર્જુન સારથિ સમરાંણમાં સંગે,
પ્રેરણાદાયી સનાતન સૂત્રો રંગમાં રંગે.

લડવૈયા શૂરા ! જીતમાં જય જયકાર હો,
વીર શહીદોને અક્ષત,કંકુથી ભારત જન વરસાવશે.

આરતી જોષી

યુવાન ભારતની શાન

યુવાન છો તમે, ભારતની શાન છો તમે,
ખુદ પર કરો વિશ્વાસ તો મહાન છો તમે.

છો આજની નવી પીઢી, ને વિચારો છે નવાં,
કે કાલ માટે આજનું નવું જ્ઞાન છો તમે.

ભટકાવે જો દુનિયા તો ભટકવું નહીં કદી,
યાદ રાખજો કે મા-બાપના અરમાન છો તમે.

પહોંચવાનું છે તમારે ધરા થી ગગન સુંધી,
આગળ વધારે દેશને એ વિજ્ઞાન છો તમે.

સાગરની જેમ સ્થિર બનો, હિમાલયની જેમ અડગ,
જેના પર ભરોસો છે એ ઈમાન છો તમે.

તમે જ અર્વાચીન છો, તમે જ સંસ્કૃતિ,
બંનેનો સમન્વય છો, યુવાન છો તમે.

ભૂતકાળ ને ભવિષ્ય હવે બંને છે તમારાં,
"નિઃશબ્દ" કહે દેશનું અભિમાન છો તમે.

કૌશલ પુરાણી

મેરા ભારત મહાન

પાત્રો : દાદા, સુરેશભાઈ
પૌત્ર, મલય
મલયનો મિત્ર : સ્મિત

દ્રશ્ય :૧ સુરેશભાઈ આંગણામાં બેસી વર્તમાન પેપર વાંચતા હતાં. ટટ્ટાર ચાલ, ખડતલ બાંધો અને તેઓનાં ચહેરા પર એક અનોખું તેજ હતું. એમની ઉંમર આશરે એંસીની આસપાસ હશે. આઝાદીની લડતમાં તેઓ ભાગ લઈ ચુક્યાં હતાં. પોતાનાં દેશ માટે સુરેશભાઈને ગર્વ હતો. ત્યાંજ તેનો નાનો દસ વર્ષનો પૌત્ર મલય અને તેનો મિત્ર સ્મિત રમતાં રમતાં તેઓની પાસે આવ્યાં. (આગળ)

મલય : " દાદા, એક વાત પુંછું ?
દાદા : " બોલને બેટા ..."
મલય : " કાલે ૨૬ મી જાન્યુઆરી છે. તો દર વખતની જેમ અમારી શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ થાય છે પણ આ વખતે શાળાઓ કોરોનાને કારણે બંધ છે. તો આ કાર્યક્રમ ઓનલાઈન છે. એમા ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન છે. હું તો સુભાષચંદ્ર બોઝ બનીશ અને સ્મિત સરદાર વલ્લભભાઈ પટેલ બનશે."

સ્મિત : " હા, દાદા આપણાં દેશનાં આ મહાન લોકો વિશે કંઈક કહોને.."

(દાદા પેપર બાજુ પર મુકી વાત કરે છે.)

દાદા : " જુઓ, મલય, સ્મિત આજે તમને હું આપણાં દેશમાં ઝંડો શા માટે ફરકાવવામાં આવે છે. તે કહું.....
આપણાં દેશમાં અંગ્રેજો આવ્યાં હતાં. તેણે દેશ પર કબ્જો કર્યો હતો. પણ મહાત્માં ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, વીર ભગતસિંહ જેવાં સ્વતંત્ર સૈનાનીઓએ તે લોકોને આપણાં દેશમાંથી ભગાડ્યા. સ્વતંત્રતાનો એ દિવસ ૧૯૪૭ , ૧૫ ઓગસ્ટ હતો. તેથી આ દિવસે આપણાં દેશમાં શાળાઓ, સરકારી કચેરીઓ તેમજ દિલ્હીમાં લાલ કિલ્લા પર ત્રિરંગો ફરકાવવામાં આવે છે. અને ૨૬ જાન્યુઆરીએ આપણાં બંધારણનું ઘડતર થયું એટલે ત્યારે પણ ધ્વજવંદન કરવામાં આવે છે. "

મલય :" વાહ ! , દાદાજી ખૂબ મજા પડી. હું તો કાલે ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન સુભાષચંદ્ર બોઝ બનીશ હો ! "

સ્મિત : " હા, હું તો વલ્લભભાઈ પટેલ બનીશ હો ! "

દાદા : " હા, મલય, સ્મિત હું પણ તમને મદદ કરીશ. આપણું રાષ્ટ્રગીત ગાતાં શીખવીશ. (આ બોલતાં સુરેશભાઈના ચહેરા પર ખુમારી આવી ગઈ. તેને જૂનાં દિવસો યાદ આવી ગયાં. યુવાનીમાં તેણે પણ ઘણાં સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો હતો. પોતાના દેશ માટે કંઈક કરી છુટવાની ભાવનાથી તેજ આવી ગયું.)
(મલય અને સ્મિત કાર્યક્રમની તૈયારી કરવાં લાગ્યાં.)

વર્ષા ભટ્ટ "વૃંદા"

શૌર્ય ગાથાના સાક્ષી 'પાળિયાં'

શૌર્યગાથાના સાક્ષી 'પાળિયાં'
દુનિયાના વીરોનાં લીલાં
બલિદાનોમાં ભભક્યો, કસુંબીનો રંગ.
સાગરની પારે સ્વાધિનતાની કબરોમાં મહેક્યો,
કસુંબીનો રંગ.

આપણાં સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત અને પાકિસ્તાનના સિંધમાં ગામને પાદરે કે ટેકરીઓ પર ઊભાં પથ્થર ખોડેલાં જોવાં મળે છે. એ પથ્થરોને પાળિયા કે ખાંભી કહેવાય.ક્યાંક એનાં ઉપર નાની દેરી પણ બનાવેલી હોય છે. અંદર માટીનું કોડિયું મૂકેલું હોય છે. આ દરેક પાળિયાં, ખાંભી કે દેરી પાછળ એક એક શૌર્યકથાઓ રહેલી હોય છે.મૃત્યુ પામેલી વ્યક્તિ,એમાં યે ખાસ પ્રકારે શહીદ થઈ હોય તો તેની પાછળ આવાં પાળિયાં બનાવવામાં આવે છે. વૈદિક કાળમાં મૃતદેહોને દફનાવવામાં આવતાં. દફનસ્થળની નિશાની રૂપે તેની ઉપર એક પથ્થર મૂકવામાં આવતો. પંદરમી સદીથી આ પ્રથાનો વિકાસ થયો અને એનાં ઉપર ચિહ્નો, નામ વગેરેની કોતરણી શરુ થઈ. દરેક પાળિયાં પાછળ કોઈને કોઈ શૌર્યકથા રહેલી હોય છે.

આ એક માતા માટેનો દુહો હતો.
"જનની જણ તો ભક્ત,
કાં દાતા કાં સુર,
નહિતર રહેજે વાંઝણી,
મત ગુમાવીશ તું નૂર."

પોતાનાં સંતાનો દેશ કે રાજ્ય માટે શહીદી વહોરે,એ માતાનું ગૌરવ કહેવાતું. આમ પાળિયાં પાછળની પેઢી માટે દ્રષ્ટાંત બની રહેતાં. ગામનાં પ્રવેશદ્વાર એટલે કે પાદરે અથવા જે સ્થળે ઘટના ઘટી હોત ત્યાં પાળિયાં રહેતાં. વૃક્ષ પર પાળિયાં હોવાનું પણ સાંભળ્યું છે. ક્યારેક ધાર્મિક સ્થાને પાળિયાં બનતાં. રાજવી કુળનાં પાળિયાં ઉપર છત્ર રહેતાં.

શાશ્વત કીર્તિના પ્રતિક રૂપે સૂર્ય,ચંદ્ર,સ્વસ્તિક કે દિપક કોતરવામાં આવતાં. આ ઉપરાંત હાથી,ઘોડો,ઊંટ કે રથ જેવાં પરિવહન પણ કોતરવામાં આવતાં. પાળીયાં સાથેનાં સંબંધિત વ્યક્તિઓ તેમને પૂજનીય ગણે છે. વારતહેવારે કે લગ્ન પછી વરઘોડિયા ખાસ પગે લાગવાં આવે છે અને નિવેધ ધરાવે છે.

દૂધ અને પાણીનો પક્ષાલ કરે છે. ફૂલ,સિંદુર, કંકુ અને ધજા ચડાવે છે. પાળિયાં જુદાં જુદાં પ્રકારનાં હોય છે.એક હોય છે યોધ્ધાનાં પાળિયાં.જે યુદ્ધમાં શહિદ થઈ ગયેલાં નરબંકાઓનાં હોય છે.જેને રણખાંભી કહેવાય છે.એમાં ગદા, તીર, બંદૂક જેવાં હથિયારો જોવાં મળે છે. દા.ત. ભુચર મોરીનાં પાળિયાં, સોમનાથ નજીક હમીરજી ગોહિલનાં પાળિયાં. સતીનાં પાળિયાં~યોધ્ધા પાછળ જોહર કરીને કે સતી થઈને મૃત્યુ પામેલી વીરાંગનાંઓના પાળિયાંને સતીનાં પાળિયાં કહેવામાં આવે છે.જેનું ચિહ્નન હોય છે આશીર્વાદ આપતો હાથ.

ભુચર મોરીમાં સુરાજકુંવરબાનો પાળિયો આવેલો છે. ગુજરાત રાજ્ય લાંબો દરિયાકિનારો ધરાવે છે માટે સાગરખેડુંઓનું પણ એટલું જ મહત્વ હોવાથી એનાં પાળિયાં પણ મોજુદ છે જેનાં પર વહાણનું નિશાન હોય છે. ક્ષેત્રનું રક્ષણ કરનારાં ક્ષેત્રપાળનાં તથા લોકસાહિત્યનાં પણ પાળિયાં જોવાં મળે છે. આમ પાળિયાં શૌર્યકથાનાં દસ્તાવેજ તો છે જ સાથે સાથે જે તે સ્થળની સંસ્કૃતિને ઉજાગર કરે છે. શૌર્યગાથાની મિસાલ છે. ફરી એક વાર શ્રી ઝવેરચંદ મેઘાણીને યાદ કરીને વિરમીએ.

એ ભસ્માન્કિત ભૂમિ પર,
ચણજો આરસખાંભી.
એ પથ્થર પર કોતરશો,
નવ કોઈ કવિતા લાંબી.

ભાનું શાહ

દીકરીની શૌર્ય ગાથા

આજે આ નાનકડાં ગામને ખૂબજ સુંદર રીતે શણગારવામાં આવી રહ્યું હતું.નેતાઓ અને કાર્યકર્તાઓ સહું કાર્યકમને સફળ બનાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. ખાટલા ઉપર બેઠેલા રામભાઈ ભૂતકાળમાં સરી પડ્યા. કલ્પનાનો જન્મ થયો ત્યારે લોકોને એમ લાગતું હતું કે અરે રે.. ત્રીજી દીકરી આવી પણ યશોદા બહેન સમજદાર હતા.એટલે એમને કંઈ ફરક ન હતો.એતો આ દીકરીના ઉછેર માં લાગી ગયા નામ પાડ્યું કલ્પના પણ લાડ માં બધા એને કલુ કહે.
કલુ ભણવામાં હોશિયાર મોટીબહેનો પરણીને સાસરે ગઈ .કલુ ભણવામાં હોશિયાર હોવાથી એસ.એસ.સી. માં એને સૌથી વધુ ગુણ આવ્યા.શાળાના શિક્ષકો પણ એનાં વખાણ કરવા લાગ્યા.આચાર્ય એ ઘરે આવી ને કહ્યું," રામભાઈ તમારી દીકરી ભણવામાં હોશિયાર છે એને ભણાવજો." યશોદા બહેનની પણ એજ ઈરછા હતી.કલુને શહેરમાં હોસ્ટેલમાં ભણવા મોકલી.કલુ ભણવામાં ખૂબ જ ઉત્સાહી એનું સ્વપ્ન પાઇલોટ બનવાનું હતું.એ દિવસ અને રાત મહેનત કરવા લાગી.અંતે એનું સ્વપ્ન સાકાર થયું તે પાયલોટ બની ગઈ.એની ઈરછા યુધ્ધનું વિમાન ચલાવીને દેશની સેવા કરવાની હતી.એ પરીક્ષામાં પણ પાસ થઈ ગઈ ટ્રેનીંગ પછી તેની નિમણૂક યુધ્ધ વિમાનનાં પાયલોટ તરીકે થઈ એનાં આનંદ નો પાર ન રહ્યો યશોદા બહેનને જ્યારે ખબર પડી ત્યારે ખૂબ ખુશ થયા.
આજે એ ખુબ ખુશ હતી કારણકે દરેક સૈનિકની એ પણ યુધ્ધમાં જવા માટે તૈયાર હતી.જે ઘડીની રાહ જોઈ રહી હતી એ આવી પહોંચી.તેણે યુધ્ધ માં જવાનું થયું. ખૂબ જ હિંમત થી તેણે દુશ્મનો નો સામનો કર્યો દુશ્મનની છાવણી માં જઈ વીરતા પૂર્વક છાવણીનો નાશ કર્યો.ઘણા આતંકવાદીઓ નો અંત લાવ્યો. યુધ્ધમાં થી પાછી આવી ત્યારે બધાએ એને અભિનંદન આપ્યા.ટી.વી.અને વર્તમાન પત્ર માં એની વિસ્તાર થી નોંધ લેવાઈ. એનાં ગામે એનું સન્માન કરવાનું નક્કી કર્યું હતું.આજે એ ગામમાં આવવાની હતી.નેતાઓ, કાર્યકર્તાઓ અને સુરક્ષાકર્મીઓ જવાનો આટલી મોટી સંખ્યામાં ગાડીઓ અને આટલાં બધાં માણસો ગામમાં પહેલી વખત આવ્યાં હતાં ગામના લોકો ખૂબ હતા. કાર્યક્રમ શરૂ થયો બધાં કલ્પનાની શૌર્યગાથાઓ કહેતા હતા આ સાંભળીને ગામના લોકો ને આ બહાદુર દીકરી માટે ગૌરવ થયું એની શૌર્યગાથાઓ ની ચર્ચા ઠેરઠેર થવા લાગી.રામભાઈ અને યશોદા બહેન પોતાની બહાદુરી દીકરીની શૌર્યગાથાઓ સાંભળી ને ખૂબ જ ખુશ થયા.દીકરીએ આજે દેશનું નામ રોશન કર્યું હતું.

ઉષા દાવડા.

વિરલ નારી

૨૬મી જાન્યુઆરીના દિવસે આપણે બધા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીએ છીએ. આપણો દેશ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭માં આઝાદ તો થઈ ગયો હતો પરંતુ ૨૬મી જાન્યુઆરી૧૯૫૦ના દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક દેશ બન્યો હતો. એટલે કે ખરા અર્થમાં ભારત સ્વતંત્ર બન્યું હતું. આ દિવસ આપણને મળ્યો તે માટે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્ર સેનાનીઓ જેમણે સ્વાતંત્ર્ય માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું. તો આજના દિવસે એ શહીદ વિરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી કોટી કોટી વંદન કરું છું.

આ સ્વાતંત્ર્ય સેનાનીમાં પુરુષો સાથે સ્ત્રીઓએ પણ મહત્વનો ફાળો આપ્યો હતો. એમાં ગુજરાતની મહિલાઓ પણ હતી.આજે આપણેએવી નારી શક્તિમાંથી એક નારી શક્તિ ઉષાબહેન મહેતા વિશે જાણીએ..

૨૫માર્ચ ૧૯૩૦ના રોજ નવસારીના ઓલપાડમાં જન્મ થયો હતો. નાની ઉંમરે મનમાં મજબૂત ગાંઠ વાળી હતી કે આઝાદીની લડાઈમાં હું પણ મારુ યોગદાન આપીશ અને તેમને માત્ર આઠ વર્ષની ઉંમરમાં જ સાઈમન કમિશન વિરોધી યાત્રામાં ભાગ લીધો હતો. ૯મી ઓગસ્ટે ૧૯૪૨ના રોજ ગોવાલિયા ટેંક ગ્રાઉન્ડ ખાતેથી અંગ્રેજો ભારત છોડો ચળવળ શરૂ થવાના આગલા દિવસે જ ગાંધીજી સહિત નેતાઓની અંગ્રેજોએ ધરપકડ કરી લઈ ગયા. છતાં ૯મી ઓગસ્ટે ભારતનો ઝંડો જે સ્થળે ફરકાવ્યો તેમાં ઉષા મહેતા પણ હતા. ૧૪મી ઓગસ્ટ ૧૯૪૨ના રોજ તેમણે સાથીદારોએ મળી ગુપ્ત રેડિયો પ્રસારણ શરૂ કર્યું. તેમાં ગાંધીજી સાથે ભારતીય સહિતના નેતાઓના સમાચાર અને સંદેશા પ્રસારિત થતા હતા. એક ટેકનિકલની મદદથી ૧૨મી નવેમ્બર ૧૯૪૨માં આખરે પોલિસે ઉષા મહેતાની ધરપકડ કરી જેલમાં પુર્યા અને તેમને કોઈ માહિતી ના આપતાં પૂનાની યરવડા જેલમાં ચાર વર્ષ માટે મોકલી દેવામાં આવ્યા હતા. મોરારજી દેસાઈ જ્યારે અંતિમ ગૃહરાજ્ય મંત્રી બન્યા ત્યારે તેમના આદેશથી માર્ચ ૧૯૪૬માં મુક્તિ પામનાર ઉષા મહેતા પ્રથમ રાજદ્વારી કેદી હતા.

સ્વતંત્રતા બાદ તેઓએ આગળનો અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટીમાંથી ગાંધીજીના સામાજિક અને રાજનૈતિક વિચારો પર પી. એચ.ડી કરી ડોક્ટરેટની પદવી મેળવી. તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપિકા રહ્યા અને ૧૯૮૦માં સેવા નિવૃત્ત થયા.

તેઓ આજીવન ગાંધીવાદી વિચારધારા પ્રસાર કાર્યમાં સક્રિય રહ્યા. તેમને ઘણાં લેખો અને પુસ્તકો લખ્યા. તેમને ૧૯૯૮માં ભારત સરકારે પદ્મવિભુષણ ખિતાબ આપ્યો.

ઓગસ્ટ ૨૦૦૦ની સાલમાં તબિયત નાદુરસ્ત હોવા છતાંયે દર વર્ષની જેમ તેમણે ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં થતી ભારત છોડો ઉજવણીમાં ભાગ લીધો. તે પછી ૧૧ઓગસ્ટ ૨૦૦૦ ના દિવસે ૮૦ વર્ષની વયે પ્રાણ ત્યાગ કર્યો. વિરલ નારી ઉષા મહેતાને શત શત પ્રણામ.

પીના પટેલ "પિન્કી"

મનની સ્વતંત્રતા..

સ્વતંત્રતા એટલે કોઈ પણ પાબંધી વિના વ્યક્તિ ગમે ત્યાં હરી-ફરી શકે. સ્વતંત્રતા એટલે ખાલી દેશની જ સ્વતંત્રતા નહિ હજુ ઘણા એવા વિસ્તાર છે જ્યાં લોકો સ્વતંત્ર નથી, વ્યક્તિ પોતે સ્વતંત્ર નથી. એવા લોકોને મદદ કરીને સ્વતંત્ર બનાવવા જોઈએ. 26મી જાન્યુઆરીએ "ગણતંત્ર દિવસ" તરીકે ઉજવાય છે. ઇતિહાસમાં 26મી જાન્યુઆરી 1950 એક "મહત્વપૂર્ણ દિવસ" તરીકે મનાય છે. કારણ કે આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. અને ભારત આ દિવસે ખરા અર્થમાં "પ્રજાસત્તાક રાષ્ટ્ર" બન્યું હતું. આ દિવસની શરૂઆત દેશના શહીદોને શ્રદ્ધાંજલિ આપીને કરવામાં આવે છે. આ થઈ દેશની આઝાદીની વાત. પણ ખરેખર કેટલા લોકો આઝાદ છે, એ સવાલ હંમેશા સતાવતો હોય છે. દરેક વ્યક્તિ પોતાની આઝાદીથી હરી-ફરી શકતો નથી. એ પોતાના મનના બંધનોમાં એવો જકડાઈ ગયો હોય છે કે ચાહવા છતાં એમાંથી આઝાદ થઈ શકતો નથી. પોતાના મનને જીતીને જે વ્યક્તિ પોતાનું આત્મસન્માન મેળવે છે એ ખરી આઝાદી છે. પોતાના આત્માને ઓળખીને પોતાને સ્વયંને ઓળખીને માનવ અવતાર પૂરો કરે છે એ ખરી આઝાદી છે.

આજે દરેક વ્યક્તિ જવાબદારીઓ, પરંપરાઓ, રિવાજો, મજબૂરીઓ, અમુક નિયમોમાં એટલો બધો બંધાઈ ગયો છે કે ચાહવા છતાંય આ બધા બંધનોમાંથી આઝાદ થઈ શકે તેમ નથી. આ બધા બંધનોમાંથી આઝાદ એને પોતે જ થવું પડશે. કેમકે આ બધા બંધનોમાંથી એને બીજું કોઈ આઝાદ કરી શકે તેમ નથી. જ્યાં સુધી મનુષ્ય પોતે પોતાના સવાલોથી જ આઝાદ નહીં થાય, સ્વયંને (પોતાને) જાણી નહિ લે, પોતાના આત્માને ઓળખી ન લે, ત્યાં સુધી એને બીજી કોઇ વ્યક્તિ કે કુદરત ક્યારેય આઝાદ નહીં કરી શકે.

જ્યારે મનુષ્ય પોતાને સ્વયંને ઓળખી લેશે, જાણી લેશે ત્યાર પછી એને બીજું કશું જાણવાનું રહેતું જ નથી. એ પોતે પોતાની રીતે આઝાદ થઈ જશે અને એ આઝાદી પછી એનો મોક્ષ થઈ જશે આ ખરી આઝાદી છે.

તરલીકા પ્રજાપતિ

આવ્યો રે પ્રજાસત્તાક દિન...

આવ્યો રે પ્રજાસત્તાક દિન આંગણે રે લોલ
ચાલોને બાળકો ઉજવીએ સંગાથે રે લોલ
આવ્યો રે પ્રજાસત્તાક દિન...

રાષ્ટ્રગીત ના ગાન કરીએ રે આજ
રાષ્ટ્રધ્વજને સલામી આપીએ રે લોલ
આવ્યો રે પ્રજાસત્તાક દિન....

શહિદવીરોને યાદ કરીએ રે આજ
મળી આઝાદી તેનું માન જાળવીએ રે લોલ
આવ્યો રે પ્રજાસત્તાક દિન....

સરદાર પટેલ ને ગાંધીજીને સંભારીએ આજ
દેશભક્તિ ગીત ને નાટક આજ કરીએ રે લોલ
આવ્યો રે પ્રજાસત્તાક દિન....

સ્વાતંત્ર્ય સેનાનીઓએ અપાવી આઝાદી અમૂલી
હર દિલમાં આઝાદીની મહેક જગાવીએ રે લોલ
આવ્યો રે પ્રજાસત્તાક દિન....

જાદવ મનીષાબેન.

ભારત દેશ છે મારો...

હિન્દુસ્તાન મજાનો ભારત દેશ છે મારો!
શૂરવીરોનો ખજાનો ભારત દેશ છે મારો!

બને દુશ્મન પર આંધી કરીને ઘોડે સવારી,
પાછળ બાળક બાંધી રણચંડી થૈ સન્નારી,
કરી ના પાછીપાની બંને હાથે કટારી,
ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ છે ન્યારી.... હિન્દુસ્તાન.

નેતાગીરી શોભાવે દુશ્મનને ના લે સાખી,
રજવાડાં ભેગા કર્યા કાળજું સિંહનું રાખી,
બને વિશ્વ અજાયબી સ્ટેચ્યુ યુનિટી સ્મારક,
લોહ પુરુષ સરદારનાં જીવનની છે ઝાંખી... હિન્દુસ્તાન.

સત્યાગ્રહ કરીને કેવી દાંડીકૂચ ચલાવી,
મીઠાનો કાયદો કાળો પલમાં દીધો ફગાવી,
સાબરમતીનો સંત છે ક્રાંતિ કરનારો,
મોહનદાસને મહાત્મા દેશે દીધો બનાવી... હિન્દુસ્તાન.

ઈન્કલાબ જીન્દાબાદ નારા જગે ગૂંજ્યા,
હાસ્ય હોઠે ધરીને ફાંસીના ફંદે પહોંચ્યા,
આઝાદીની ઝંખના સેવે યુવાત્રિપુટી,
ભગતસિંહની ખુમારીથી સિંહ સૂત જાગ્યાં... હિન્દુસ્તાન.

ગીતા પટેલ 'શક્તિ'

દેશ દેહનો રોમ રોમ બોલે

દેશદેહનો રોમ રોમ બોલે
આવો સઘળાં નરબંકા મારા (૨)

ધર્મની સંજ્ઞા છોડી થાવ એક
'અમન' ચાહે છે યુધ્ધ આજે
આકાશ અને ધરતીને ભરી દો
ભારતમાંના જય જયના નાદથી (૧)

વિચાર વિચારમાં જાય વ્યર્થ સમય
શબ્દોની રમઝટ બંધ કરો
કરો ગોળીઓની રમઝટ , કરો
તોપોની ધણધણાટી ને બોમ્બોની વર્ષા (૨)

આ સમયની પુકાર છે
ગાંધીના અખંડ ભારતના
ભગ્ન થયેલાં સ્વપ્નને સાકાર
કરવાની અણમોલ ઘડી છે (૩)

કૃષ્ણની આ ધરાને
શાહીદીનાં લોહીથી સીંચી.
ઉગાડો એવા ગુલાબો 'ભરત'
જે ન માંગે શહીદી વારંવાર (૪)

ભરત સાંગાણી

રણકતી ઝાંઝર...

ખુલ્લી સવારના ટાણે,ઉગતો સૂરજ બારીમાં ડોકીયું કરે છે,
ને;ઝાંઝરીનો રણકાર રોજ પગે અથડાયા
કરે છે,ભારત મા નો લાલ,ફરકતો તિરંગો
ઘરની ઉપર લહેરાયા કરે છે,
રોજ ફોનની ઘંટડી વાગે ને;
રણકતી ઝાંઝર ફોનના રીસીવરને જઈને જુસ્સાથી;ભીતરે ભરેલા પ્રેમથી ઉઠાવી લે છે,
સમય વીત્યો,રોજ આમ;જ પીળાં હાથ રંગાય,જીવનમાં મેઘધનુષી રંગો ઉમેરાય,અંતરના ઉમળકા સાથે ઓરતા જોતી,
વાગતી ફોનની એજ સમયે;ઘંટડીની રાહ જોતી,એટલી જ એમના રોજના થતાં સંવાદમાં મીઠાશ હો!,
પીળાં હાથ રંગી,લીલી મહેંદી ભરેલી ભાત,સોળે શણગારથી સજ્જ,
ત્યાં તો;રોજની જેમ જ ફોનની ઘંટડી વાગી,પણ;સમય કરતાં થોડી વહેલી વાગી,
ઘરરર,અવાજ,હેલ્લો;
આવીને અવાજ સરરર..કરતો કાને અથડાયો,
તમારો સુહાગ અંધારી રાતે ભેંકાર,ઘમાસણ ગોળીઓની વચ્ચે વીંધાઈ ગયો,
જોયું તો;આંખોમાં આંસુ;
ઉત્સાહનો રણકાર ફર્શ પર ઢળી ગયો,
અવાક્;
મહેંદી રહી હાથોમાં,
જીવનના જોયેલા ઓરતા રહી ગયા,
રક્તથી રંગાયેલા રંગોમાં;
ફરતું રહ્યું

જિંદગીનું પાનું રોજ ફરતું રહયું,
આઝાદી પછી કંઈક કહેતું રહયું.

વીર જવાનોના આપેલા બલિદાન,
ભારતની ધરામાં લોહી વહેતું રહયું.

ઇતિહાસની ગાથા ગવાઈ જગતમાં,
સત્યની લડાઈમાં જીવન વિતતું રહયું.

અડીખમ બની યુદ્ધ લડવા મેદાનમાં,
પરિવારને એળે મુકવામાં ભૂલતું રહયું.

મળી આઝાદી પણ ગુલામી છે ક્યાંક,
ધર્મ,જુથ,જ્ઞાતિવાદ કરવા લડતું રહયું.

ભારતભૂમિના કણ કણ શ્વાસ વસે છે,
ખુમારી,સૌંર્ય,સાદગીમાં જીવતું રહયું.

ધન્ય ધરા ભારતદેશની નવરત્નો થયા,
વીરોના બલિદાનની યાદમાં લખતું રહયું.

મેહુલ પ્રજાપતિ..

સેજલ હુંબલ

દેશ છે હિન્દુસ્તાન...

તું મારું ઈમાન, તું મારી શાન છે
મારી તું જાન, દેશ હિન્દુસ્તાન છે

પ્રાણોથીયે પ્યારો,છે એ મુજને
તું મારી આન, દેશ હિન્દુસ્તાન છે

અર્પણ તારા પર આ તન,મન,ધન
જગમાં મહાન, દેશ હિન્દુસ્તાન છે

છે જાન મારી આ જન,ગણ,મન
મારું અભિમાન,દેશ હિન્દુસ્તાન છે

હિંદુ,મુસ્લિમ,શીખ,ઈસાઈ સૌનો છે
'સ્નેહી'ની શાન,દેશ હિન્દુસ્તાન છે

અશોક પેથાણી 'સ્નેહી'

આઝાદીના દીપક

આઝાદીના અણનમ યોદ્ધા લાલ, બાલ ને પાલ,
ગુલામીની જંજીરો તોડી દેશની બનીને ઢાલ!

હસતાં હસતાં માંચડે ચડ્યા ભગતસિંહ, રાજગુરુ ને સુખદેવ,
યાદ કરો કુરબાની એમની ખેલ્યો જબરો દાવ!

બાપુની એ દાંડીયાત્રાએ લોક હૃદયનાં દ્વાર ચણ્યાં,
અહિંસાના એ મૂઠ્ઠી ઉંચેરા માનવનાં મન ઘણઘણ્યાં!

ચંદ્રશેખર ને સાવરકરની બલિવેદી પર શિષ ઝૂક્યાં,
હર હિંદુના ઘર ઘરમાં ને હૃદય હૃદયમાં ખૂન ઉકળ્યાં!

સુભાષચંદ્રની ગાથા ગાતો દેશ અડીખમ ઉભો છે,
લોહ પુરુષ સરદારની યાદો સ્મૃતિમાં રાખી ઉભો છે!

પરથીભાઈ ચૌધરી

વચન

માથા પર કેપ સરખી કરતાં દિપ્તીએ સબ ઈન્પેકટર ચૌહાણને જીપ કાઢવા ઓર્ડર આપ્યો. એક ખંડેર જેવા મકાનથી થોડે દૂર જીપ ઊભી રાખી બધાં લપાતા છુપાતા દોડીને ખંડેરમાં ગયા. અંદર છુપાયેલા ચાર આતંકવાદીઓને ગોળીબારમાં મારી નાંખ્યા.

ચારમાંથી એક લાશની પાસે આવી એણે આંખમાં આવેલાં આંસુ કોઈની નજર ન પડે એમ લૂછી નાંખ્યા અને પાકીટમાં રહેલ ફોટા પર હળવી નજર મારી લીધી.

ઘરે આવી એણે દીવાલ સામે નજર કરીને હાથ જોડતા કહ્યું," પપ્પા, આજે તમને આપેલું *વચન* પૂર્ણ કર્યું છે. મને આશીર્વાદ આપો કે મને જે જવાબદારી સોંપે તે હું ઈમાનદારીથી નિભાવતી રહું."

શોભા કિશોરભાઈ

બાળશહીદ શિરીષકુમાર

પશ્ચિમ ખાનદેશનાં નંદુરબાર શહેરની આ સત્ય શૌર્યકથા છે. "શિરીષ....એ શિરીષબેટા... લાડુ વાળવાને આવના બેટા!" સવારમાં દાદીએ શિરીષને હાંક મારી. "એ આવ્યો દાદી! પરંતુ દાદી આજે મને નિશાળમાં વહેલાં જવું છે."શિરીષ બોલ્યો.
"કેમ બેટા?" દાદીએ ચિંતાથી પૂછ્યું.
"દાદી આજે ૯ સપ્ટેમ્બર ૧૯૪૨.'ચલે જાવ' ચળવળને આજે એક મહિનો પૂરો થયો. અમે નિશાળમાં જઈને ઝેન્ડો લઈને મોર્ચો કાઢીશું." શિરીષ દાદીને સમજાવે છે.
" પણ....પણ....બેટા! શું અંગ્રેજો આપણો દેશ છોડીને જશે?" દાદી જરા ડરતાં જ બોલ્યા.
"હાં દાદી , એમને જવુંજ પડશે. અમે એમને જરૂર ભગાવીશું. એ માટે ગમે તે કરીશું.લઢીશું અથવા મરીશું."શિરીષ ઉત્સાહથી બોલ્યો.
" ભલે, પહેલાં મને લાડુ વાળવા મદદ કરે છે ને? તને બહુ ભાવે છે ને?"દાદીએ પૂછ્યું.
" હાં દાદી," કહીને શિરીષ દાદીને લાડુ વાળવા લાગ્યો.
શિરીષ ભણવામાં બહુ હોંશિયાર છોકરો હતો. એ રસોઈમાં પણ મદદ કરતો. વીજળીનો દીવો બગડતાં એ પણ ઘરે સુધારી લેતો. ઘડિયાળમાં અગિયારનાં ટકોરા પડ્યા અને શિરીષ ઉભો થયો. "ચાલો દાદી ,હવે હું જાવું." કહીને શિરીષ નિશાળમાં ગયો. આઠમાં ધોરણમાં ભણતાં શિરિષને જોતાજ એના બધા દોસ્તોનું ટોળું એના પાસે આવ્યું."શિરીષ એ જો પોલીસ.પોલીસે ઝેન્ડો લેવાની ના કહી છે." એક દોસ્ત એને કહે છે. જુવો, આપણે ડરવાનું નથી. પોલીસ આપણને કશું નહીં કરશે. બહુ થયું તો તેવો લાઠી ચાર્જ કરશે.આપણે તો આપણાં દેશનાં શૂર સિપાઈ છે.ડરવાનું નહીં. શિરીષ બધાને ગોળાકારમાં ઉભા રાખે છે, વચ્ચે એક છોકરાને ઝેન્ડો લઈને ઉભો કરે છે.પોલીસે ઝેન્ડો જોયો અને એ લેવા આવ્યો પણ છોકરાઓ તો એક હાથમાંથી બીજાના હાથમાં ઝેન્ડો આપવા લાગ્યા એટલે એના હાથમાં ના આવ્યો.તે ગુસ્સાથી ચાલ્યો ગયો.

"કરીશું અથવા મરીશું, કોઈથી નહીં દબાઈશુ." જયઘોષ કરતો મોર્ચો આગળ વધ્યો.બારી બારણાં માંથી મોટા લોકો તો આ નાનકડાં છોકરાઓની હિંમત જોઈ દંગ થઈ ગયા. મોર્ચો છોકરીઓના નિશાળ પાસે આવ્યો તો છોકરીઓ પણ એમાં શામિલ થઈ ગઈ. મોર્ચો કોર્ટ પાસે આવ્યો .ત્યાં શિરીષ ભાષણ આપે છે તો બધા વકીલો પણ બહાર આવીને સાંભળતા રહી ગયા. મોર્ચો આગળ વધ્યો, એટલામાં પાછળથી પોલીસ લાઠીચાર્જ કરતા આવ્યા.ડરપોક બાળકો ભાગી ગયા. કોઈક છોકરીઓ પણ છુપાઈ ગઈ પણ ઘણી બહાદુર છોકરીઓ ત્યાં જ ઉભી રહી. જેવા પોલીસ છોકરીઓને મારવા ગયા ત્યાં શિરીષ વચ્ચે આવ્યો અને બોલ્યો, "છોકરીઓને શું મારો છો? હિંમત હોય તો અમને મારો.લો મારી છાતી ઉઘડી છે."અને પોલીસે ગોળીબાર કર્યો.

નેમ ચુકી જતાં ,"અરે અરે નેમ ચુકી ગયો કે ડરી ગયા કે પછી ગોળી ખલાસ થઈ ગઈ? "શિરીષ હસીને બોલ્યા. અધિકારીએ તો ચિડાઈને પાસેથી ગોળી મારી અને શિરીષ મહેતા પડ્યો. એના બાજુમાં જ એનો પ્રાણપ્રિય મિત્ર લાલદાસ શાહ પણ ગોળી લાગી પડ્યો. દસ વર્ષનાં ધનસુખ વાણીને ,શશીધર કેતકરને અને આઠ વર્ષના ઘનશ્યામને પણ ગોળી લાગી. છોકરાંઓ" પાણી... પાણી..." કરતાં હતાં પણ પોલીસે પાણી પણ ના આપવા દીધું. "જો કોઈ પાણી આપશો તો એમને પણ ગોળી મારી ઠાર કરીશું." એમ ધમકાવ્યા. સ્વરાજ્ય, સ્વતંત્રતા, ગાંધીજીનું સ્મરણ કરીને,"જયહિંદ!વંદે માતરમ !! ભારત માતાની જય!!!" એવું બોલીને આપણાં દેશને સ્વતંત્રતા અપાવવા આ બાળકો શિરીષકુમાર મહેતા અને તેમના બાળદોસ્તો શહીદ થઈ ગયા. અમર થઈ ગયા.આ શૌર્ય બાળકોની યાદગીરીમાં તેમને વંદન. નંદુરબારમાં શિરીષકુમાર મહેતાનું શહીદ સ્મારક છે.એમના ભત્રીજા નિતીનભાઈ મહેતા આજે એમનાં નામથી સુરત શહેરમાં અને નંદુરબાર શહેરમાં અનેક ગુણવંત વિદ્યાર્થીઓને બક્ષિસ આપે છે. અનેક મહાન કાર્ય કરે છે. એમના પર પિક્ચર પણ બનાવી રહ્યા છે.અમને બાળપણમાં બાલભારતીનાં પુસ્તકમાં 'શિરીષ કુમાર' એવો એમનો પાઠ હતો.

સુનિતા મહાજન.'સુનિ'

હા અમે સૈનિકોને જોયા છે...

હા અમે સૈનિકોને જોયા છે...
દેશની રક્ષા કરનાર સૈનિકોને અમે જોયા છે...

હિંમતવાન, શોર્યવાન,સાહસિક સૈનિકોને અમે જોયા છે...
ભારત ભૂમિ પર શહીદ થતા સૈનિકોને અમે જોયા છે...

શિવાજી ,મહારાણા પ્રતાપ, જેવા વીરો ને અમે જોયા છે...
ભગતસિંહ, સુખદેવ,રાજગુરુ ને દેશ માટે કુરબાન થતા જોયા છે...

ગાંધી,સરદાર, આંબેડકર,જેવા મહાનપુરુષો ને અમે જોયા છે...
ઈશ્વરને નથી જોયા..
અલ્લાહને નથી જોયા...

લોહી રેડી ને ભારત દેશને બચાવનાર
સૈનિકોને અમે જોયા છે...
હા અમે સૈનિકોને જોયા છે...

દેશની રક્ષા કરનાર સૈનિકોને અમે જોયા છે...
હા અમે સૈનિકોને જોયા છે...

દિપક ઈશ્વરભાઈ ટુંડજવાળા

સેના.

દુશ્મન પર કરો વાર સેના,
સરહદને કરો પાર સેના,

શત્રુ તો છે દગાબાજ,
લોહીની વહાવો ધાર સેના,

જંગ અને પ્રેમમાં બધુ શકય છે,
દુશ્મનની આંખો કરો ચાર સેના,

થાજો ફના દેશ કાજે,
ઘેરથી આવ્યો છે તાર સેના.

માભોમની રક્ષાની લીધી શપથ,
સૈનિકના જીવનનો એ છે સાર સેના.

કલ્પેશ શાહ "કલ્પા"

ભારત માતાના સંતાન..

હસતા ખીલતા કુસુમ સરીખા,
અમે ભારત માતાના સંતાન.

પરિઓના પ્યારા, ભોળા ભુલકા,
અમે ભારત માતાના સંતાન.

સત્ય-અહિંસાના અડગ આગ્રહી,
અમે ભારત માતાના સંતાન.

ઊંચ-નીચના ભૂતને ભગાડીશું,
અમે ભારત માતાના સંતાન.

નવ-નિર્માણની ક્રાંતિ જગવીશું,
અમે ભારત માતાના સંતાન.

ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'

પ્રજાસત્તાક દિવસ

આવ્યો પ્રજાસત્તાક દિવસ રાષ્ટ્રનો,
રાષ્ટ્રીય તહેવાર અનોખો આપણો.

અંગ્રેજોની ગુલામીથી મુક્ત થયાં,
આવ્યું રાષ્ટ્રનું બંધારણ અમલમાં.

પરેડ પ્રવચનો સાંસ્કૃતિક કાર્યક્રમો,
શાળાઓમાં અનેકવિધ ઉજવણી.

વીરતાના અનેક પુરસ્કાર અપાતા,
રાષ્ટ્રપતિ ત્રિરંગો હોંશે લહેરાવતાં.

ગણતંત્ર દિવસ પણ કહેવાતો એ,
જગાવતો દેશદાઝની ભાવના એ.

વિશ્વનું મોટું પ્રજાસત્તાક રાષ્ટ્ર ભારત,
ગૌરવવંતો ઈતિહાસ એનો લખાયો.

પારૂલ નાયક."શ્યામકૃતિ"

'પગલે પગલે'

ધીમે ધીમે પગલે પગલે તું લક્ષ વેધતો જા,
આવે જો આધી મોટી,ચેહરા પર હાસ્ય કરતો જા.

રસ્તા અનેક આવશે વકાં,તું સીધો ચાલ્યો જા,
ધૂળ ઢગલા ,કાદવ કીચડ આવે ,તું રેતીની જેમ સળકી જા.

અંધકાર મા અંતર ના દિપક તું પ્રગટાવતો જા,
પર્વત,નદીઓ સીમ માં એક રસ્તો તું કરતો જા.

માનવતાની ભ્રમણા ના ભેદ ,તું કાપતો જા,
માનવી થી માનવ ના પાઠ ,તું આપતો જા.

હિંમત ,શૌર્ય ખભા પર લટકાવી તું માર્ગ કાપતો જા,
ધીમે ધીમે પગલે પગલે ,તું લક્ષ વેધતો જા.

પરમાર નયન

અમર વીરોની ઝાંખી

શિવો લડયો તલવારે,જોને રાણી બની રણચંડી,
ભલ ભલાને ઢાળી દીધા કઈ તોપ ને તલવારે.

ચડી ઘોડલે આવ્યો રાણો હાથમાં ભાલો લઈને,
રણસંગ્રામે લડે જોને જીવ મુઠ્ઠીમાં લઈને.

મૂંછો પર તાવ દઈને અંગ્રેજોને હંફાવતો,
આતો પેલો આઝાદ, જોને મોતને વ્હાલું કરતો.

ધારણ કરી કેસરિયો કોઈ ભગત રણમાં આવે,
ઇન્કલાબ નો નાદ ગજાવી દિલમાં અંગાર જગાવે.

સત્ય અહિંસાના માર્ગે ચાલી ગાંધી જગમાં છાયો,
અંગ્રેજોને માર ભગાડી એના પાયે લૂણો લગાયો.

આઝાદીના અમર વીરોની આ છે અમર કહાની
ભારતના આ વીર સપૂતોની ઝાંખી દિલમાં છાયી.

પટેલ કોકિલાબેન

ત્રિરંગા..

આપણો ઈમાન તિરંગો છે.
આપણો સન્માન તિરંગો છે.

જીવે બધાં એની છાયામાં
આપણો મહાન તિરંગો છે.

રાખે એકસમાન સૌને દેશમાં
આપણો ચોગાન તિરંગો છે.

દેવદેવીને ગુગળ,ને પીર પાસે
આપણો લોબાન તિરંગો છે.

છે દુનિયામાં સર્વોચ્ચ શિખરે
આપણો ગુણગાન તિરંગો છે.

ઋષિ મુનિના વેદ,યોગ વાળો
આપણો વિજ્ઞાન તિરંગો છે.

જવાન,કિસાનના દેશપ્રેમનો
આપણો સ્વમાન તિરંગો છે.

નમાવે છે મસ્તક'ભાવુક' બધાં
આપણો ધર્મસ્થાન તિરંગો છે.

ભરત ગોસ્વામી 'ભાવુક'

પ્રજાસત્તાક દિન

ભારત દેશના ઈતિહાસનો સુવર્ણ દિવસ! પ્રજાસત્તાક દિન! ગણતંત્ર દિન!આપણાં દેશનું રાષ્ટ્રીય પર્વ! ભારતને સંપૂર્ણ સ્વાયત્ત ગણરાજ્ય તરીકે ૧૯૫૦માં જાહેર કરવામાં આવ્યું. લોકશાહી ગણતંત્રની ઘોષણા કરી સંસદમાં ભારતનું સંવિધાન લાગુ કરવામાં આવ્યું.

લોકશાહી,સાર્વભૌમ,
લોકતાંત્રિક,સમાજવાદી,

બીનસાંપ્રદાયિક,પ્રજાસત્તાક ભારતનું બંધારણ અમલમાં આવ્યું એ મહામુલો દિવસ! ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ,રાજેન્દ્ર પ્રસાદે દિલ્હીનાં ઈરવિન સ્ટેડિયમમાં ૨૧ તોપોની સલામી આપી, રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી,ભારતનાં ગણતંત્રનાં જન્મની ઐતિહાસિક ઘોષણા કરી હતી.અંગ્રેજોનાં શાસન કાળમાંથી મુક્તિ મેળવ્યાનાં ૮૯૪ દિવસ પછી દેશ પ્રજાસત્તાક બન્યો. ત્યારથી દરવર્ષે ઉજવણી કરવામાં આવે છે.રાજપથ પર ત્રિરંગો ફરકાવી,ધ્વજવંદન, રાષ્ટ્રગાન, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલી,ભાષણો, દેશભક્તિ ગીતો દ્વારા ભવ્ય ઉજવણી થાય છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી પરેડનું આયોજન થાય છે.

એમાં પ્રાદેશિક લોકનૃત્યો, જલ,થલ,વાયુસેનાનું કૌશલ્ય બતાવવામાં આવે છે.સાંજે રાષ્ટ્રપતિ પ્રજાજોગ સંદેશ આપે છે. સર્વત્ર જાહેર રજા રાખવામાં આવે છે અને શાળા કોલેજમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે.ઠેરઠેર વંદેમાતરમ,આઝાદ હિંદ, ભારતમાતાની જય હો, જયહિંદ જેવા સૂત્રોચ્ચાર થાય છે.

ટૂંકમાં,એકતા,તાકાત અને વીરતાનાં સમન્વય સમો પ્રજાસત્તાક દિનનું ગૌરવ, ગરિમાવંતો ઉત્તમ દિવસ!

તો આવો! એક ભારતીય તરીકે આપણું નૈતિક કર્તવ્ય બજાવીએ.દેશની એકતા,અખંડિતતા, પવિત્રતાનું જતન કરીએ, દેશની આન બાન શાન જાળવીએ.સર્વજન હિતાય, સર્વજન સુખાય ની વૈશ્વિક ભાવના રાખી દેશની સિદ્ધિ, પ્રગતિ, ઉન્નતિ માટે સહભાગી બનીએ.ભારતની ગૌરવપૂર્ણ ગરિમાને જાળવીએ, ભારતમાતાનું સન્માન કરીએ,ભારતીય સંસ્કૃતિનું નામ રોશન કરીએ.

"જમાને ભરમેં મિલતે હૈં આશિક કંઈ,
મગર વતન સે કોઈ ખુબસુરત સનમ નહીં હોતા.,
સોનેમેં સિમટકર,નોટોમેં લિપટકર મરે હૈં કંઈ,
મગર તિરંગેસે ખૂબસુરત કોઈ કફન નહીં હોતા! "

નયના ઠક્કર "પ્યાસી"

કૃતિ મોકલવાના નિયમ

નિર્મોહી
એક અવાજ

1. લેખકો વધુમાં વધુ બે પાનાંની મર્યાદામાં જ પોતાનો લેખ મોકલે, કવિઓ એકસાથે વધુમાં વધુ બે રચના મોકલી શકાશે . આમાંથી "નિર્મોહી - એક અવાજ" ટીમ દ્વારા પસંદગી પામેલી કૃતિ પ્રકાશિત થશે.
2. પૂર્વ સ્વીકારાયેલરચનાઓને લીધે પ્રકાશન માટે બે થી ત્રણ માસ જેટલો સમય લાગી શકે છે.
3. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશન માટે મોકલવામાં આવેલ રચના પૂર્વે કોઈપણ માધ્યમથી પ્રકાશિત થયેલ ન હોવી જોઈએ.
4. આપની કૃતિ મોકલતા પહેલાં "સાર્થ જોડણી કોશ" પ્રમાણે જોડણીની ચકાસણી કરી અને પછી જ મોકલવી, વધારે ભૂલોવાળી કૃતિ સ્વીકારવામાં આવશે નહિ.
5. આપની કૃતિ ગુજરાતી ભાષામાં "શ્રુતિ ફોન્ટ'માં ૧૨ ની સાઈઝમાં ટાઇપ કરીને જરૂરી વિગતો સાથે http://surl.li/zgls લિંકમાં ભરી મોકલવાની રહેશે!
6. લિંકમાં દરેક વિગતો ગુજરાતીમાં જ ભરવી, અધૂરી માહિતી સાથે ભરવામાં આવેલ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી .
7. જે તે અંક માટે પસંદ કરવામાં આવેલ રચનાઓની યાદી દર મહીનાની ૧૦ તારીખે નિર્મોહી ઈ મેગેઝિન ફેસબુક પેજ ઉપર મુકવામાં આવશે .
8. રચના મોકલ્યા બાદ અન્ય તમામ માહિતી ઈ મૈઈલ દ્વારા પ્રાપ્ત થતી રહેશે,
9. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશિત થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે. નિર્મોહી સામયિકના તંત્રી, સહ તંત્રી કે સંપાદક એની સાથે સંમત છે એવું માનવું નહીં,
10. નિર્મોહી - એક અવાજ સામયિક માસિક દર માસની ૧૫ તારીખે ડીઝીટલ માધ્યમથી પ્રકાશિત થાય છે.
11. કૃતિ નીચે પ્રમાણે મોકલવી.

1. ધારાવાહિક
2. કાવ્ય અને આસ્વાદ
3. હેલ્થ લેખ
4. સાહસ કથા
5. વ્યક્તિ વિશેષ.
6. Motivational article
7. વર્તમાન પ્રવાહ
8. બાળગીત, બાળવાર્તા
9. વાનગી, દાદીમાનું વૈદું



nirmohimagazine@gmail.com @nirmohimagazine નિર્મોહી ઈ મેગેઝિન

નિર્મોહી

એક અવાજ

નિર્મોહી અંક ૦૭ - ૧૫/૦૨/૨૦૨૨

iamsoankit@gmail.com

9624244390

તમારા મંતવ્યો જણાવવા માટે.

https://wa.link/t0lqnj

ટેલીગ્રામ ચેનલ જોઈન કરો.

https://t.me/nirmohimagazine